# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૫/ક્વા-૨/૧૯-૨૦/૨૨–૧** **તા.૦૨–૦૧–૨૦૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૫/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ચાંડપા દાનાભાઈ જાદવભાઈ** ગામ: **ઉમરાળા**
રજૂઆત કરનાર: **અરજદાર ચાંડપા દાનાભાઈ જાદવભાઈ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **વેરાવળ**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જી.જોષી અને તેમની સાથે** નાયબ ઈજનેર શ્રી **જે.જે.કાચા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **વેરાવળ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૪-૧૨-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૪-૦૯-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં કાર્યપાલક ઈજનેર શ્રી પી.જી. જોશી - પીજીવીસીએલ વિભાગીય કચેરી - વેરાવળ હાજર રહેલ હતા. પરંતુ **અરજદાર હાજર રહેલ ન હતા. જેથી અરજદાર ને વધુ એક તક પૂરી પાડવા માટે** સદર કેસની સુનાવણી તા. ૨૬-૧૧-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં કાર્યપાલક ઈજનેર શ્રી પી.જી. જોશી - પીજીવીસીએલ વિભાગીય કચેરી - વેરાવળ હાજર રહેલ હતા. તેમજ **અરજદાર ચાંડપા દાનાભાઈ જાદવભાઈ હાજર રહેલ હતા. અરજદાર ના મીટર ના એમ.આર.આઈ. અહેવાલ ની જરૂરિયાત જણાતા** સદર કેસની સુનાવણી તા.૨૪-૧૨-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી – જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ચાંડપા દાનાભાઈ જાદવભાઈ ગામ -ઉમરાળા, તેઓની અરજીના નોંધણી નં: ૪૫/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે,** તેઓ વેરાવળ તાલુકાના ઉમરાળા ગામના ખેડુત ખાતેદાર છે, તેમના ગ્રાહક નં. –૮૧૨૦૮/૦૦૧૫૧/૫ મા તેઓએ ૦૨ લેખીત અરજીઓ અને મૌખિક રજુઆત કરવા છતા – તેમનો બગડી ગયેલ કેબલ (સર્વિસ)સુધી – કે જે કેબલ માથી પાવર સપ્લાય આવતો ન હતો – તે બદલી કરી આપવામા આવેલ નથી. પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સર્વિસ કેબલ આવ્યે થી બદલી આપવામા આવશે તેમ જણાવેલ તેમજ તેઓ ને દ્રીમાસીક

બીલ નિયમીત આવતુ હોય – તેઓ નિયમીત ભરપાઈ કરતા હોય – અને તેમને હૈયાત જોડાણ હોવા છતા પાણી વેચાતુ લેવુ પડતુ હોય – પારાવાર નુકશાન થતુ હોવાથી – અરજદારે ૦૪ થી ૦૫ લાખ રૂપિયાની નુકશાની વેઠવી પડેલ છે, જે વળતર મેળવવા માટે **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- તમો પ્રભાસ–પાટણ પેટા વિભાગીય કચેરી હેઠળ વેરાવળ તાલુકાના ઉમરાળા ગામે ગ્રાહક નં.૮૧૨૦૮/૦૦૧૫૧/૫ થી ખેતીવાડી વીજ જોડાણની મીટર તથા સર્વીસ વાયર બદલાવવા માટે ભુતકાળમાં પ્રભાસ–પાટણ કચેરીના સ્ટાફ ધ્વારા વખતો–વખત પ્રયાસ કરાયેલ, પરંતુ કોઈ પણ કારણસર સદર મીટર સર્વીસ બદલાયેલ ન હોય, ફરીથી તા.૨૧/૦૯/૨૦૧૯ ના રોજ પ્રભાસ–પાટણ કચેરીના નાયબ ઈજનેર તથા જુનીયર ઈજનેર સ્ટાફ સાથે આપના સ્થળ પર આવેલ અને આપને સદર બાબતે યોગ્ય સમજણ આપતા આપની હાજરીમાં તા.૨૧/૦૯/૨૦૧૯ ના રોજ અરજદારના ખેતી વિષયક વીજ જોડાણના મીટર તથા સર્વીસ વાયર બદલી આપવામાં આવેલ છે.

3.૧ ફોરમ કમિટી મીટીંગ તા.૨૬–૧૧–૧૯ ની સુચના મુજબ – સદર સવાલવાળા મીટરનો એમ.આર.આઈ. અહેવાલ રજુ કરવા જણાવેલ જે તા.૨૪–૧૨–૧૯ ની ફોરમ મીટીંગ મા રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર પ્રભાસ–પાટણ પેટા વિભાગીય કચેરી હેઠળ વેરાવળ તાલુકાના ઉમરાળા ગામે ગ્રાહક નં.૮૧૨૦૮/૦૦૧૫૧/૫ થી – એ–૨, કેટેગરી હેઠળ ૭.૫ હોપાનુ ખેતીવાડી વીજ જોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારના સદર વીજજોડાણમાં મીટર તથા સર્વીસ બળી ગયેલ હોય – જેની લેખીત રજુઆત તા.૦૪–૦૭–૧૫ ના રોજ પ્રભાસ–પાટણ પેટા વિભાગીય કચેરીમાં અપાયેલ છે. ત્યારબાદ, તા.૦૫–૦૮–૧૬ ના રોજ – મીટરમાં સર્વિસ વચ્ચેથી ફોલ્ટ થયેલ છે, જે તપાસી નવી આપવા લેખીત રજુઆત કરેલ છે. જે અન્વયે પેટા વિભાગીય કચેરી દ્વારા કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૩ ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે – સદર અરજદારના વીજજોડાણમાં સર્વિસ વાયર બદલાવવા માટે ભુતકાળમાં કર્મચારીઓ દ્વારા બદલાવવાની કાર્યવાહી કરાયેલ – પરંતુ કોઈપણ કારણોસર સદર સર્વિસ વાયર બદલી થયેલ નથી. ત્યારબાદ, તા.૨૧–૦૯–૧૯ ના રોજ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર તથા જુનીયર ઈજનેર દ્વારા સ્થળ ઉપર અરજદારને સમજાવતા સર્વિસ વાયર તેમજ મીટર રીપ્લેશમેન્ટ રોજકામ નં. – વી.આરડી/૨૦૧૯/1076J થી અરજદારની હાજરીમાં મીટર બદલાવી અને ૬ એમ.એમ. કેબલ આશરે ૧૨ મીટર નવો નાખી અને ચાલુ કરી નાખેલ છે. તેમજ– મીટરના રીડીંગની અવાચ્યની નોંધ કરાયેલ છે. સદર મીટરનુ લેબ પરીક્ષણ તા.૨૭–૦૯–૧૯, તા.૦૪–૧૦–૧૯ અને તા.૧૧–૦૯–૧૯ ના રોજ અરજદારને હાજર રહેવા જાણકારી આપેલ છે. તા.૧૫–૧૧–૧૯ ના રોજ સદર મીટરના લેબોરેટરી ચેકીંગ મુજબ – પાવર સપ્લાય ચાલુ કરીને મીટર ના રીડીંગ ૧૯૧૬૫ યુનીટ નોંધાયેલ છે. મીટર નો એકયુચેક ટેસ્ટ લીધેલ હોય તેવી કોઈ નોંધ કરેલ નથી.

૪.૪ સદર એલએન્ડટી કંપનીના મીટરના એમ.આર.આઈ. અહેવાલ મુજબ – મીટર સીરીયલ નં. –૧૦૨૦૬૩૬૬ ના ટેમ્પર રીપોર્ટ મા નોંધાયેલ KWH રીડીંગ ૧૯૧૬૫.૧૦ છે. સદર અરજદારના પી.આર.ટી.–૧૪૫ મુજબ – વીજવપરાશી યુનીટ ની વિગત નીચે મુજબ છે.

| AS PER BILLING CYCLE | | AS PER MRI | |
|---|---|---|---|
| BILLING DATE | CURRENT READING | DATE | CURRENT READING |
| 06-02-18 | 17400 ( 2600 Unit) | | |
| 09-04-18 | 18260 ( 860 Unit) | | |
| 05-06-18 | 19010 ( 750 Unit) | 23-07-18 | 19165 |
| 12-08-18 | 19340 ( 330 Unit) | | |
| 06-10-18 | 19900 (560 Unit) | | |

| | | | |
|---|---|---|---|
| 07-12-18 | 19900 (L) (550 Unit) | 01-12-18 | 19165 |
| 12-02-19 | 19900 (F) (1100 Unit) | 01-02-19 | 19165 |
| 09-04-19 | 19900 (F) (550 Unit) | 01-03-19 | 19165 |
| 10-06-19 | 19900 (F) (550 Unit) | 01-06-19 | 19165 |
| 16-08-19 | 19900 (0 Unit) | 01-08-19 | 19165 |
| 09-10-19 (C ) | 105 (105 Unit) | | |

૪.૫ ઉપરોકત મુદદા નં. ૪.૩ અને ૪.૪ મુજબ ની વિગતે – સ્પષ્ટ થાય છે કે – બદલાવેલ જુનુ મીટર લેબોરેટરી ના રીપોર્ટ મુજબ – ફોલ્ટી હોય તે બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. મીટરમાં છેલ્લા રીડીંગ ૧૯૧૬૫ નોંધાયેલ હોય – તે મુજબ અરજદારે સદર મીટર માથી કોઈ વીજવપરાશ કરેલ હોય – તેવુ ફલીત થતુ નથી.ઉકત સંજોગોમાં ફોલ્ટી સર્વિસના કારણે અરજદારે પાવરનો વપરાશ કરેલ નથી, તેવુ પ્રસ્થાપિત થાય છે. જેથી, તા.૨૩–૦૭–૧૮ ના એમ.આર.આઈ. અહેવાલ ના રીડીંગ ને છેલ્લા રીડીંગ ગણી અરજદારને ૧૯૧૬૫ યુનીટ પછી ના મીટર બદલ્યા સુધીના – જે યુનીટ ના વીજબીલ અપાયેલ છે, તે રદબાતલ કરવા – તેમજ સદર વીજબીલ મીનીમમ ચાર્જ મુજબના રીવાઇઝ કરીને– અરજદારને તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ માં પાઠવવાની સુચના પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે. સદર વીજબીલ અરજદારે નિયમાધીન ભરપાઈ કરવાના રહેશે.

૪.૬ મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’ ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯